# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગાંધીનગર

## પ્રેસ નોટ

રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન અને વીજ પ્રવહન કંપનીઓ દ્વારા જીઇઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નું ટ્રુ-અપ અને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦નાં પ્રશુલ્ક નિર્ધારણ માટે પીટીશનો દાખલ કરેલ. વધુમાં રાજ્ય સરકાર હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીઓ, ટોરેન્ટ પાવર લિમિટેડ અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા જીઇઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નું ટ્રુ-અપ, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧નાં એકંદર મહેસૂલી જરૂરિયાત ની મધ્ય-સત્રિય સમીક્ષા અને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦નાં પ્રશુલ્ક નિર્ધારણ માટે પીટીશનો દાખલ કરેલ. સદર પીટીશનો જીઇઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નાં ઓડીટેડ હિસાબો સાથે દાખેલ કરેલ. આ પીટીશનો ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦03 અને સંલગ્ન વિનિયમો અનુસંધાને રજીસ્ટર કરી પ્રશુલ્ક આદેશ આપવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ.

આ પરવાનેદારોને આ અરજીઓ જાહેર જનતાની ભાગીદારીની ખાતરી કરવા જાહેરમાં પ્રકાશિત કરવા નિર્દેશ આપવામાં આવેલ. સામાન્ય જનતા અને હિતધારકો પાસેથી વાંધાઓ/સુચનો મંગાવવાની વિસ્તુત કાર્યવાહી કરવામાં આવેલ. આ વાંધાઓ સુચનોની ચકાસણી કરીને ૫, ૬ અને ૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ નાં રોજ આયોગની કચેરી ખાતે જાહેર સુનાવણી નિયત કરવામાં આવેલ. કેટલાક વ્યક્તિગત હિતધારકો અને સંગઠનોએ આ સુનાવણીમાં ભાગ લીધો હતો.

આયોગ દ્વારા આ પીટીશનો પર તા. ૨૪.૦૪.૨૦૧૯ના રોજ આદેશ જારી કરેલ.

આદેશના મહત્વનાં/અગત્યનાં મુદ્દાઓ નીચે મુજબ છે:

- **સરકારશ્રી હસ્તકની ચાર વીજ વિતરણ કંપનીના તથા ટોરન્ટ પાવર લી. (અમદાવાદ-ગાંધીનગર અને સુરત) વિસ્તારના વીજ ગ્રાહકો માટે વીજ દરમાં કોઇ વધારો નથી.**
- **વર્તમાન માળખાને સરળ બનાવા માટે રહેણાંક વીજ દરના સ્લેબને ૫ થી ઘટાડીને ૪ કરવામાં આવ્યો.**
- **લિફ્ટ સિંચાઇ માટે વિજળીનો ઉપયોગ કરનાર કૃષિ વપરાશકારો માટે ઉર્જા ખર્ચમાં ૩૦ પૈસા પ્રતિ યુનિટનો ઘટાડો થયો.**
- **કરાર માંગ આધારિત ૬ (છ) કિલોવોટ સુધીના નાના વપરાશકારોને વિસ્તૃત વૈકલ્પિક માંગ આધારિત વીજ દરનો લાભ.**

વર્ષ ૨૦૧૭-૧૮માં રાજ્યની વિતરણ કંપનીઓએ આયોગ દ્વારા નિર્ધારિત કરેલ વીજ વિતરણ ઘટ ઘટાડવાના લક્ષ્યને ઓળંગી ઘટ નોંધપાત્ર ઘટાડો કર્યો. આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટેના આપવામાં આવેલા લક્ષ્ય અને સામે વાસ્તવિક વીજ વિતરણ ઘટ નીચે આપેલ કોષ્ટકમાં દર્શાવેલ છે:

**વર્ષ ૨૦૧૭-૧૮ના વીજ વિતરણ ઘટ**

| ડીસ્કોમ | આયોગ દ્વારા મંજૂર કરાયેલ લક્ષ્ય | ડિસકોમ દ્વારા પ્રાપ્ત થયેલ |
|---|---|---|
| દક્ષિણ ગુજરાત વીજ કંપની | ૧૦.૦૦% | ૬.૨૮% |
| મધ્ય ગુજરાત વીજ કંપની | ૧૧.૭૦% | ૧૦.૬૩% |
| પશ્ચિમ ગુજરાત વીજ કંપની | ૨૧.૦૦% | ૧૮.૮૪% |
| ઉત્તર ગુજરાત વીજ કંપની | ૯.૯૦% | ૮.૩૧% |
| ટીપીએલ – અમદાવાદ | ૭.૦૦% | ૬.૩૧% |
| ટીપીએલ – સુરત | ૩.૭૪% | ૩.૫૯% |

રાજ્ય સરકાર હસ્તકની ચારેય વીજ વિતરણ કંપની (યુજીવીસીએલ, ડીજીવીસીએલ, એમજીવીસીએલ અને પીજીવીસીએલ) માટે નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે મંજૂર થયેલ વીજળીની ખરીદીનો ખર્ચ રૂ.૪.૨૨ પ્રતિ યુનિટ અને પાયાના બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (બેઝ એફપીપીપીએ) ચાર્જ રૂ.૧.૪૯/- પ્રતિ યુનિટ હતો. જો વીજળી ખરીદીના ખર્ચમાં રૂ.૪.૨૨/- થી ઉપર ખર્ચ થાય તો તેને બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (એફપીપીપીએ) ચાર્જ ગણવામાં આવશે. નાણાંકિય વર્ષ ૨૦૧૯-૨૦ માટે આયોગે વીજ ખરીદી ખર્ચ રૂ.૪.૩૨/- પ્રતિ યુનિટ અને પાયાના બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (બેઝ એફપીપીપીએ) ચાર્જ સુધારીને રૂ.૧.૬૧/- મંજૂર કરેલ છે. (રૂ.૪.૩૨ – રૂ.૪.૨૨ = ૦.૧૦ +વિતરણ ઘટ = ૦.૧૨, રૂ.૧.૪૯/-માં ઉમેરતા કુલ રૂ.૧.૬૧/-)

ટોરન્ટ પાવર લી. (અમદાવાદ–ગાંધીનગર અને સુરત વિસ્તાર)માં નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે વીજ ખરીદીનો ખર્ચ રૂ. ૪.૬૬/- પ્રતિ યુનિટ અને પાયાના બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (બેઝ એફપીપીપીએ) ચાર્જ રૂ.૧.૨૩/- પ્રતિ યુનિટ મંજૂર થયો હતો. જો વીજળી ખરીદીના ખર્ચમાં રૂ.૪.૬૬/- ઉપર ખર્ચ થાય તો તેને બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (એફપીપીપીએ) ચાર્જ ગણવામાં આવશે. નાણાંકિય વર્ષ ૨૦૧૯-૨૦ માટે આયોગે વીજ ખરીદી ખર્ચ રૂ.૪.૮૦/- પ્રતિ યુનિટ અને પાયાના બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (બેઝ

એફપીપીપીએ) ચાર્જ સુધારીને રૂ.૧.૩૮/- મંજૂર કરેલ છે. (રૂ.૪.૮૦ – રૂ.૪.૬૬ = ૦.૧૪ +વિતરણ ઘટ = ૦.૧૫, રૂ.૧.૨૩/-માં ઉમેરતા કુલ રૂ.૧.૩૮/-).

**પાયાના બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (બેઝ એફપીપીપીએ) ચાર્જ એ બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (એફપીપીપીએ) ચાર્જ, કે જે ગ્રાહકોના વીજ બિલમાં વસુલવામાં આવે છે, તેની ગણતરીનો આંતરિક ભાગ છે. બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (એફપીપીપીએ) ચાર્જ વસુલવાની પધ્ધતિમાં કોઇ જ ફેરફાર કરવામાં આવેલ ન હોવાથી પાયાના બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન (બેઝ એફપીપીપીએ) ચાર્જ માં વધારો થવાને લિધે ગ્રાહકોના વીજ બીલમાં કોઇ જ વધારો નહિં થાય.**

રાજ્ય સરકાર હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીઓમાં વીજ દરની અનુસૂચીમાં થયેલા મહત્વના ફેરફારો નીચે મુજબ છે.

- રહેણાંક શ્રેણી માટે વીજ દરના માળખાને સરળ કરવાની પ્રક્રિયામાં સ્લેબની સંખ્યા ૫ થી ઘટાડીને ૪ કરવામાં આવી છે. અગાઉના ૧૦૦-૨૦૦ યુનિટ અને ૨૦૦-૨૫૦ યુનિટનાં સ્લેબના સ્થાને હવે ૧૦૦-૨૫૦ યુનિટનો સ્લેબ કરવામાં આવેલ છે. આના કારણે, ૨૦૦-૨૫૦ યુનિટના સ્લેબ હેઠળ આવતા વીજ વપરાશ માટે પ્રતિ યુનિટ ૧૦ પૈસાનો ઘટાડો થશે. આ ફેરફાર ટોરન્ટ પાવર લી. સુરત વિસ્તારના ગ્રાહકો માટે પણ કરવામાં આવ્યો છે.
- માંગ આધારિત વીજ દર હવે નાના એન.આર.જી.પી. શ્રેણીના ગ્રાહકો (૬ કી.વો. કુલ લોડ સુધી) માટે શક્ય બને છે.
- કૃષિ હેતુ માટે સપાટીના પાણીના સ્ત્રોતોમાંથી લિફ્ટ સિંચાઇને પ્રોત્સાહન આપવા માટે, ઊર્જા દર રૂ. ૧.૮૦ પ્રતિ યુનિટ થી ઘટાડીને રૂ.૧.૫૦ પ્રતિ યુનિટ કરવામાં આવે છે.

**નિયામક**
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,
ગાંધીનગર